# ધોરણ - 6 ગુજરાતી

| અધ્યયન નિષ્પત્તિઓ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
|---|---|
| G601 વાર્તા, કાવ્યો, ચિત્ર, વર્ણન, નાટકો, ચર્ચાઓ, કિસ્સાઓ સાંભળી તથા મુખવાંચન કરી તેને સમજે છે. અને સર્જન કરે છે. | • વાર્તાઓ, કાવ્યો, વર્ણનો, નાટકો, ચર્ચાઓ, કિસ્સાઓ, સંભળાવવા મુદ્દાઓને જોડી વાર્તા બનાવવી સમજાવવું.<br>• ઉદાહરણરૂપ ફકરા આપી યોગ્ય તારણ અને પ્રશ્નોના ઉત્તર મેળવવા.<br>• ચિત્રની સમજ કેળવશે ચિત્રમાં દેખાતી વસ્તુઓની યાદી, તફાવતો શોધવા જણાવશો એ રીતે વર્ણન કરવા પ્રોત્સાહિત કરવા. |
| G602 પરિચિત કે અપરિચિત પરિસ્થિતિમાં પ્રસંગો તથા સ્થળો વિષે વાતચીત અને સંવાદો સમજે છે. તથા રજૂઆત કરે છેઃ. | • ચિત્રો, પ્રશ્નોત્તરી, ગાન, સંવાદ જેવી પધ્ધત્તિઓનો ઉપયોગ કરવો.<br>• મિત્ર, સગા- સંબંધીઓ વેપારી સાથે સંવાદ કરવા પ્રોત્સાહિત કરવા. |
| G603 રમતો, પ્રવૃતિઓ, પ્રોજેકટ કાર્ય દ્વારા સમજ કેળવી પ્રસંગોચિત અહેવાલલેખન કરે છે. | • શબ્દ રમતો, અંતાક્ષરી સ્થળોની મુલાકાત, પ્રતિષ્ઠિત વ્યક્તિઓની મુલાકાત કરવી.<br>• પ્રોજેકટ કાર્ય વિષે સમજાવશે પ્રોજેકટ કાર્યનો અહેવાલ લખાવવો.<br>• અનુલેખન અને અહેવાલ લેખન ની ઉદાહરણ દ્વારા સમજ આપવી. |
| G604 પ્રાદેશિક ગીતો અને કથાઓ સમજે તેમજ જાણે છે. | • સ્થાનિક લોકગાયક, રેડિયો ane ટી.વી.નો ઉપયોગ કરવો.<br>• લોકકથા, લોકગીતોના પુસ્તકો વંચાવવા. |
| G605 દ્રશ્ય શ્રાવ્ય સાધનો દ્વારા મળતી માહિતી સમજે અને તારણો કાઢે છે. | • સાંભળેલું, જોયેલું, વાંચેલું વર્ગ સમક્ષ રજૂ કરે તેવા પ્રયત્ન કરવા<br>• ગામના બસ સ્ટેશન, રેલવે સ્ટેશનની રૂબરૂ મુલાકાત ગોઠવવી. |
| G606 સંકેતના બોર્ડ, સમય પત્રક, ટ્રાફિક સિગ્નલ, નકશા, પ્રતીકો, ચિત્રો, સમાચારપત્રો, સામયિકો અને સંદર્ભ સાહિત્ય વગેરે વાંચી સમજી શકે છે. તથા વિગતો તારવી શકે છે. | • ટ્રાફિક સંકેત બોર્ડની સમજ આપશે. ઈતર વાંચન કરાવવું.<br>• સમાચાર પત્રો, સામયિકો, રેડિયો, ટી.વી. દ્વારા શાળામાં વિવિધ હેતુસર મહત્તમ ઉપયોગ કરશે. |
| G607 વિવિધ સામાજિક પરિસ્થિતિ સંદર્ભે ભાષામાં થતી રજૂઆત સાંભળે અને સમજે છે. | • મેળાઓ, ધાર્મિક ઉત્સવો, સામાજિક પ્રસંગો વગેરેની માહિતી આપવી.<br>• ઘર વર્ગખંડ, પ્રાર્થના સભા જેવા સ્થળોએ હાવભાવ પૂર્વક બોલે તેવી પરિસ્થિતિઓનું નિર્માણ કરાવવું. |
| G608 શિક્ષકની મદદથી શબ્દકોશ, બાળકોશ અને બાલવિશ્વકોષ નો ઉપયોગ કરી આશરે 3000 જેટલા શબ્દો સમજી અને તેનો વ્યાવહારિક ઉપયોગ કરે છે. | • વ્યક્તિગત, જૂથમાં તેમજ સમૂહમાં શબ્દકોશને અનુલક્ષીને પ્રવૃતિઓમા ભાગીદાર બનવા પ્રોત્સાહિત કરવા.<br>• બાળકોશ અને બાલવિશ્વકોશનો ઉપયોગ શૈક્ષણિક કાર્યમાં કરે તે માટે ઉદાહરણ સાથે સમજ |

DRAFT

| અધ્યયન નિષ્પત્તિઓ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
|---|---|
| | આપશે.<br>• |
| G609 મુલાકાત વખતે આત્મવિશ્વાસ પૂર્વક પોતાની વાત રજૂ કરી, પ્રશ્નોત્તરી કરી શકે છે. | • વિદ્યાર્થીઓને પોતાની વાત કરવાની પૂરી તક આપશે.<br>• ચોક્કસ પરિસ્થિતિનું નિર્માણ કરી વિદ્યાર્થી નિર્ણય શક્તિનું માપન કરવું.<br>• જાણીતા સ્થળો કે પ્રવાસનું વર્ણન કરાવવું.<br>• વ્યક્તિ વિશેષની શાળા મુલાકાત સમયે વિદ્યાર્થી પ્રશ્નોત્તરી કરી માહિતી મેળવે. |
| G610 પાઠયપુસ્તક અને વાંચેલી-સાંભળેલી, જોયેલી સામગ્રીમાંથી માહિતી મેળવવા શા માટે? કેવી રીતે? જેવા પ્રશ્નો પૂછી કાર્યકારણ સંબંધો તારવી જવાબ આપે છે, ઉકેલ મેળવે છે. | • શિક્ષક વિદ્યાર્થીઓને વ્યક્તિગત જૂથમાં તેમજ સમૂહમાં પ્રવૃતિઓમાં ભાગીદાર બનવા પ્રોત્સાહિત કરવા.<br>• શિક્ષક પ્રશ્નોત્તરી દ્વારા વિદ્યાર્થીઓની મૂંઝવણભરી પરિસ્થિતિઓની નોંધ કરાવશે. |
| G611 સાંભળેલી કે વાંચેલી અનુભવજન્ય સામગ્રીમાંથી યોગ્ય તારણ કાઢી વૈકલ્પિક તથા અન્ય પ્રશ્નોનાં જવાબ લખે છે. | • ફકરા કે વાર્તા આપી તેમાંથી પ્રશ્નોત્તરી કરાવવી.<br>• જોયેલું કે અનુભવેલું માંથી વિગતો પૂછવી. |
| G612 ટૂચકાઓ વાર્તાઓ, જીવનપ્રસંગો, પોતાના અનુભવો ની રજૂઆત કરે છે. | • ટૂચકાઓ વાર્તાઓ, જીવન પ્રસંગો વિષે સમજ આપી ઉદાહરણ પૂરા પાડશે. જેમ કે મારો જન્મ દિવસ શાળામાં પ્રથમ દિવસ |
| G613 કોઈએક શબ્દ કે વિચાર પરથી યોગ્ય મરોળ સાથે બે શબ્દો વચ્ચે યોગ્ય અંતર રાખી વાતચીત, ઘટના કે પ્રસંગનું વર્ણન લખી શકે છે. | • વિરામચિહ્નો અને જોડણીની સમજ આપવી. જોડણીના પાયાના નિયમો સમજાવવા.<br>• શ્રુતલેખન કરાવવું ભૂલો શોધી સુધારવા પ્રોત્સાહિત કરવા. |
| G614 કાવ્યપંક્તિઓનું પદ્યમાંથી ગદ્યમાં તેમજ ગધમાંથી પધમાં લેખન કરે છે. કાવ્યમુખપાઠ અને કાવ્યપૂર્તિ કરે છે. અને ગધ – પધ સૂક્તિનો વિચાર વિસ્તાર કરે છે. | • વિવિધ પ્રસંગો કે સૂક્તિઓનો વિચાર વિસ્તાર કરવો.<br>• વિચાર વિસ્તારના ઉદાહરણ પૂરા પાડવા. |
| G615 સ્વતંત્ર લેખન કરે છે. ( કાવ્ય, ઉખાણાં, મુદા પરથી વાર્તા, પત્ર લેખન, નિબંધ લેખન, અહેવાલ ) | • પત્ર લેખન અને નિબંધનું માળખું સમજાવવું. |
| G616 મોબાઈલ દ્વારા એસ.એસ. એમ. વિડીયો ન્યૂઝ રિપોર્ટ નું નિર્માણ કરી તેનું આદાન પ્રદાન કરે છે. | • મોબાઈલ અને તેના કાર્ય અંતર્ગત એસએમએસ ની સમજ આપવી.<br>• મનોરંજન બોધદાયી વિડીયો બનાવવા.<br>• ન્યૂઝ રિપોર્ટિંગ |
| G617 બિલ, રીસિપ્ટ, રેપર, રિપોર્ટ, જાહેરાત વગેરેમાં આપેલ માહિતી સમજે છે. અને ઉપયોગ કરે છે., | • અર્થગ્રહણ માટે વિદ્યાર્થીઓને વિવિધ મધ્યમ દ્વારા તક આપશે. |

DRAFT

| અધ્યયન નિષ્પત્તિઓ | | શીખવા શીખવવાની પ્રક્રિયા |
|---|---|---|
| G618 | સ્થાનિક સમસ્યાઓ કે સાંભળેલી સારી- નરસી બાબતો કે વ્યક્તિગત મૂંઝવણ ભરી પરિસ્થિતિમાં યોગ્ય ઉકેલ શોધી લખે છે. | • મૂંઝવણભરી પરિસ્થિતિએ આપી તેના પર ઉકેલ શોધે તેવી તક આપવી. |
| G619 | ઉચ્ચારણ, વિરામ, સંજ્ઞા, નામપદ, ક્રિયાપદ, વિશેષણ, સારાંશ લેખન, વગેરે જેવા વ્યાવહારિક વ્યાકરણ જાણે છે. અને તેનો ઉપયોગ કરે છે. | • ઉચ્ચારણ, વિરામચિહ્નો, સંજ્ઞા, નામપદ, ક્રિયાપદ, વિશેષણ, સારાંશ લેખનની સમજ આપવી.<br>• વ્યાવહારિક વ્યાકરણના મુદાને વિવિધ પ્રયુક્તિ દ્વારા વિદ્યાર્થીઓને સમજ આપી ઉપયોગ કરતાં કરશે. |

DRAFT